ગુજરાત અનુસૂચિત જાતિ નિગમ, ગાંધીનગરની ખાલી જગ્યાઓ નિયમિત ભરતીથી ન ભરાય ત્યાં સુધી ૦૧ વર્ષ માટે આઉટસોર્સીંગથી ભરવા બાબત.

વર્ગ-૩ ની કુલ ૦૮ (આઠ) જગ્યાઓ

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:GSC/e-file/17/2022/0005/J,
સચિવાલય, ગાંધીનગર.
તા:૦૪/૦૪/૨૦૨૨.

**વંચાણમાં લીધા:-**

૧. વિભાગનો તા:૧૭/03/૨૦૨૦નો ઠરાવ ક:અવક/૧૦૨૦૧૩/૫૫૨૫૩૮/જ
૨. વિભાગનો તા:૦૧/૦૪/૨૦૨૧નો ઠરાવ ક:અવક/૧૦૨૦૧૩/૫૫૨૫૩૮/જ
૩. ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગરનો તા:૦૫/૦૨/૨૦૨૨નો પત્ર ક: અવિકો/મકમ/૨૦૨૨/૪૨૪૫.

**આમુખ:-**

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના વંચાણે લીધેલ ક્રમ:૧ પરના તા:૧૭/03/૨૦૨૦ના ઠરાવથી ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગરની વર્ગ-૩ની કુલ-૦૮ જગ્યાઓને ૦૧ વર્ષ માટે આઉટસોર્સીંગથી ભરવાની મંજૂરી આપવામાં આવેલ હતી તેમજ ઉકત કૂલ-૦૮ જગ્યાઓને આ વિભાગના વંચાણે લીધેક ક્રમ:૨ પરના તા.૦૧-૦૪-૨૦૨૧ના ઠરાવથી નિયમિત ભરતીથી ન ભરાય ત્યા સુધી વધુ ૦૧ (એક) વર્ષ માટે આઉટસોર્સીંગથી ભરવાની મંજૂરી આપવમાં આવેલ હતી.

ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગરે વંચાણે લીધેલ ક્રમ:૩ પરના તા.૦૫-૦૨-૨૦૨૨ના પત્રથી ઉકત કૂલ ૦૮ જગ્યાઓ નિયમિત ભરતીથી ન ભરાય ત્યા સુધી અથવા વધુ એક વર્ષ માટે આઉટસોર્સીંગથી ભરવા મંજૂરી આપવા માટે દરખાસ્ત કરેલ છે.

**ઠરાવ:-**

ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગરની ઉકત દરખાસ્ત પરત્વે પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબની ૦૮(આઠ) જગ્યાઓ નિયમિત ભરતીથી ન ભરાય

ત્યા સુધી વધુ ૦૧(એક) વર્ષ માટે નીચે દર્શાવેલ શરતોને આધીન આઉટસોર્સીંગથી ભરવાની આથી મંજૂરી આપવામાં આવે છે:-

| ક. | સંવર્ગ | આઉટસોર્સીંગથી મંજૂર જગ્યાની સંખ્યા | માસિક પગાર(રૂપિયામાં) |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | નાયબ મેનેજર વર્ગ-૩ | ૦૧ | ૧૭૫૦૦ |
| ૨ | મદદનીશ મેનેજર વર્ગ-૩ | ૦૧ | ૧૬૦૦૦ |
| ૩ | સીનીયર ક્લાર્ક વર્ગ-૩ | ૦૩ | ૧૪૦૦૦ |
| ૪ | જુનીયર કલાર્ક વર્ગ-૩ | ૦૩ | ૧૨૫૦૦ |
| મંજૂર કુલ જગ્યા | | ૦૮ | |

<u>શરતો:-</u>

૧. ઉક્ત જગ્યાઓની મુદત પૂર્ણ થયેથી મંજૂરીની અપેક્ષાએ ચાલુ રાખી શકાશે નહી તેમજ નાણાં વિભાગની મંજૂરી વગર પગાર વધારો કરી શકાશે નહી.

૨. આઉટસોર્સીંગથી ભરવાની થતી જગ્યાઓ અંગે સરકારશ્રી દ્વારા લાગુ કરવામાં આવેલ તમામ જોગવાઇઓ તથા નિયમો ધ્યાને લેવાના રહેશે.

આ ઠરાવ, આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા:૩૦/૦૩/૨૦૨૨ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

**ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

(દિગ્વિજયસિંહ કુંપાવત)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન. મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, સા.ન્યા.ના અંગત સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી (સા.ન્યા), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

- એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/ રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ નિગમ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી-કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. ઉકત ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા વિનંતી સહ.
- સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- પસંદગી ફાઇલ - ૨૦૨૨.